eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 77
Nov. 17, 2006

## સુરત મહાનગરપાલિકા બાળલકવા નાબુદી અભિયાન–૨૦૦૬

બાળલકવા નાબુદીના ધ્યેયને લક્ષમાં રાખી ભારત સરકારના આદેશાનુસાર સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૨–૧૧–૨૦૦૬ થી તા. ૧૫–૧૧–૨૦૦૬ દરમ્યાન સબ નેશનલ ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામ હાથ ધરવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રથમ દિવસે ૧૭૬૫ રસીકરણ કેન્દ્રો (બુથ) પર, પાંચ વર્ષ સુધીના કુલ ૩,૦૪,૯૧૮ બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા જાહેર નોટીસ

આથી સંબંધિત નાગરિકોને જણાવવામાં આવે છે કે તા. ૨૦–૧૧–૨૦૦૬થી રાંદેર અને સીંગણપોરને જોડતો વીયર–કમ–કોઝવે પરનો રસ્તો ભારે વાહનો સિવાયના વાહનો તથા રાહદારીઓના ઉપયોગ માટે ખુલ્લો મુકવામાં આવનાર છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા જાહેરનામું

આથી હું પંકજ જોષી (આઈ.એ.એસ.) કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત સને–૧૯૪૯ની મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકા એકટની કલમ–૨૩૬ (૧) (૨) થી મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, બ્રીજસેલ ખાતા હસ્તકનાં રીંગરોડ પરનાં માનદરવાજાથી સરદાર માર્કેટ સુધીનાં ડો. બાબાસાહેબ આંબેડકર ફલાય ઓવર બ્રીજને મરામત– Rehabilitation કરવાના ટેન્ડર કામ અન્વયે જાહેર જનતાની જાનમાલની સલામતી જળવાઈ રહે તે હેતુસર તમામ પ્રકારનાં વાહનોની તથા રાહદારીઓની અવર જવર માટે સદર પુલની માનદરવાજાથી સરદાર માર્કેટ જતા ડાબી બાજુની લેન તથા સહરાદરવાજા તરફ જવાના Exit Ramp નો ઉપયોગ કરવા તા. ૧૫–૧૧–૨૦૦૬ થી તા. ૨૩–૦૧–૨૦૦૭ સુધી પ્રતિબંધ મુકવામાં આવે છે, જયારે સદર ફલાય ઓવર બ્રીજની સરદાર માર્કેટથી ઉધના દરવાજા જતી અપ (UP) સાઈડ  તા. ૧૦–૧૨–૨૦૦૬ થી તા. ૨૩–૦૧–૨૦૦૭ સુધી રાત્રીના ૧૦ (દશ) કલાકથી સવારના ૮ (આઠ) કલાક સુધી તમામ પ્રકારના વાહનોની અવર જવર માટે બંધ રાખવામાં આવશે / પ્રતિબંધ મુકવામાં આવે છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા જાહેરનામું

આથી હું પંકજ જોષી (આઈ.એ.એસ.) કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત સને–૧૯૪૯ની મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકા એકટની કલમ–૨૩૬ (૧) (૨) થી મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, ડ્રેનેજ ખાતા હસ્તક અઠવા ઝોન વિસ્તારમાં અઠવા સુએઝ પમ્પીંગ સ્ટેશન થી ભટાર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ૮૦૦ મીમી વ્યાસના છઢઠ ગ્રેડ ડી.આઈ.પાઈપ રાઈઝીંગ મેઈન લાઈન નાંખવાના કામે ઘોડદોડર રોડ પર યુનિયન પાર્ક થી નર્મદ લાયબ્રેરી (ઘોડદોડ રોડ ક્રોસીંગ) તથા નર્મદ લાયબ્રેરી થી અઠવા પમ્પીંગ સ્ટેશન સુધીનો રસ્તો તા. ૨૦–૧૧–૨૦૦૬ થી તા. ૩૦–૧૧–૨૦૦૬ સુધી તમામ પ્રકારના વાહનોની અવરજવર માટે પ્રતિબંધ મુકવામાં આવે છે.

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગરપાલિકા
# બાળલકવા નાબુદી અભિયાન–૨૦૦૬

બાળલકવા નાબુદીના ધ્યેયને લક્ષમાં રાખી ભારત સરકારના આદેશાનુસાર સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૨–૧૧–૨૦૦૬ થી તા. ૧૫–૧૧–૨૦૦૬ દરમ્યાન સબ નેશનલ ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામ હાથ ધરવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રથમ દિવસે ૧૭૬૫ રસીકરણ કેન્દ્રો (બુથ) ૫૨, પાંચ વર્ષ સુધીના કુલ ૩,૦૪,૯૧૮ બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી. જયારે કાર્યક્રમના બીજા, ત્રીજા, ચોથા અને પાંચમાં દિવસે ઘરે ઘર ફરીને ૧,૪૫,૩૬૦ બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી. આમ, સુરત મહાનગરપાલિકા વિસ્તારના પાંચ વર્ષ સુધીના ૪,૫૭,૦૦૦ બાળકોના લક્ષ્યાંક સામે પાંચ દિવસની કામગીરી મળીને કુલ ૪,૫૦,૨૭૮ બાળકોને પોલીયોની રસી પીવડાવી ૯૮.૫૩% સિધ્ધી હાંસલ કરવામાં આવી છે.

નેશનલ પલ્સ ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામની કામગીરીને સફળતાપૂર્વક પાર પાડવા માટે કાર્યક્રમમાં ભાગ લેનાર મ્યુ. પદાધિકારીઓ, સદસ્યશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ, આંગણવાડી કાર્યકર તથા હેલ્પર બહેનો, સ્મીમેર, ગવર્નમેન્ટ કોલેજના મેડીકલ સ્ટુડન્ટસ, લોખાત હોસ્પિટલના ડી.એમ.એલ.ટી.સ્ટુડન્ટસ/ગવર્નમેન્ટ તથા લોખાતના નર્સીગ સ્ટુડન્ટસ, એસ.આઈ.કોલેજના સ્ટુડન્ટસ, સુરત જનરલ હોસ્પિટલ તથા અશકતા હોસ્પીટલની નર્સ બહેનો, યુ.સી.ડી., નવ સર્જન ટ્રસ્ટ તથા અન્ય સેવાભાવી સંસ્થાઓના સ્વયં–સેવકો, સ્થાનીક કાર્યકરોએ કાર્યક્રમમાં સહભાગી થઈ સફળ બનાવેલ છે. તેઓનો તથા નાગરિકો તથા જે પ્રાઈવેટ પ્રેકટીશનરોએ પોતાની ડીસ્પેન્સરી/રહેઠાણ/દુકાન વિગેરેનો ઉપયોગ રસીકરણ કેન્દ્રના રૂપે કરવા દઈ સહકાર આપ્યો છે, તેઓ તથા વર્તમાન પત્રના તંત્રીશ્રીઓ, સ્થાનિક ચેનલો, સિનેમાગૃહ, ટોરેન્ટ ઈલે. કું, જી.ઈ.બી., સુમુલ ડેરી, સુપ્રિટેન્ડેન્ટશ્રી સુરત રેલ્વે, એસ.ટી.નિગમ તથા સુરત શહેરના તમામ નાગરિકોનો સુરત મહાનગરપાલિકા આભાર માને છે.

TOP

# સુરત મહાનગરપાલિકા
## જાહેર નોટીસ

આથી સંબંધિત નાગરિકોને જણાવવામાં આવે છે કે તા. ૨૦–૧૧–૨૦૦૬થી રાંદેર અને સીંગણપોરને જોડતો વીયર–કમ–કોઝવે પરનો રસ્તો ભારે વાહનો સિવાયના વાહનો તથા રાહદારીઓના ઉપયોગ માટે ખુલ્લો મુકવામાં આવનાર છે.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

TOP

# સુરત મહાનગરપાલિકા
# જાહેરનામું

આથી હું પંકજ જોષી (આઈ.એ.એસ.) કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત સને–૧૯૪૯ની મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકા એકટની કલમ–૨૩૬ (૧) (૨) થી મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, બ્રીજસેલ ખાતા હસ્તકનાં રીંગરોડ પરનાં માનદરવાજાથી સરદાર માર્કેટ સુધીનાં ડો. બાબાસાહેબ આંબેડકર ફલાય ઓવર બ્રીજને મરામત– Rehabilitation કરવાના ટેન્ડર કામ અન્વયે જાહેર જનતાની જાનમાલની સલામતી જળવાઈ રહે તે હેતુસર તમામ પ્રકારનાં વાહનોની તથા રાહદારીઓની અવર જવર માટે સદર પુલની માનદરવાજાથી સરદાર માર્કેટ જતા ડાબી બાજુની લેન તથા સહરાદરવાજા તરફ જવાના Exit Ramp નો ઉપયોગ કરવા તા. ૧૫–૧૧–૨૦૦૬ થી તા. ૨૩–૦૧–૨૦૦૭ સુધી પ્રતિબંધ મુકવામાં આવે છે, જયારે સદર ફલાય ઓવર બ્રીજની સરદાર માર્કેટથી ઉધના દરવાજા જતી અપ (UP) સાઈડ તા. ૧૦–૧૨–૨૦૦૬ થી તા. ૨૩–૦૧–૨૦૦૭ સુધી રાત્રીના ૧૦ (દશ) કલાકથી સવારના ૮ (આઠ) કલાક સુધી તમામ પ્રકારના વાહનોની અવર જવર માટે બંધ રાખવામાં આવશે / પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપરોકત પ્રતિબંધિત સમયગાળા દરમ્યાન વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ફલાય ઓવર પુલની નીચેનાં રસ્તાઓનો ઉપયોગ કરવાનો રહેશે. સદર કામ પૂર્ણ થયેથી વાહનો તથા રાહદારીઓની અવર જવર માટે કોઈપણ જાતની જાહેરાત વગર ખુલ્લો મુકવામાં આવશે. સદર જાહેરનામામાનાં ભંગ બદલ શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે તથા ભંગ બદલ નુકશાની માટે જે તે વ્યકિત જવાબદાર રહેશે. જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવા વિનંતી.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

TOP

# સુરત મહાનગરપાલિકા
## જાહેરનામું

આથી હું પંકજ જોષી (આઈ.એ.એસ.) કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત સને–૧૯૪૯ની મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકા એકટની કલમ–૨૩૬ (૧) (૨) થી મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, ડ્રેનેજ ખાતા હસ્તક અઠવા ઝોન વિસ્તારમાં અઠવા સુએઝ પમ્પીંગ સ્ટેશન થી ભટાર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ૮૦૦ મીમી વ્યાસના છઢઠ ગ્રેડ ડી.આઈ.પાઈપ રાઈઝીંગ મેઈન લાઈન નાંખવાના કામે ઘોડદોડર રોડ પર યુનિયન પાર્ક થી નર્મદ લાયબ્રેરી (ઘોડદોડ રોડ ક્રોસીંગ) તથા નર્મદ લાયબ્રેરી થી અઠવા પમ્પીંગ સ્ટેશન સુધીનો રસ્તો તા. ૨૦–૧૧–૨૦૦૬ થી તા. ૩૦–૧૧–૨૦૦૬ સુધી તમામ પ્રકારના વાહનોની અવરજવર માટે પ્રતિબંધ મુકવામાં આવે છે. આ સમય દરમ્યાન ઘોડદોડ રોડ પર પાર્લેપોઈન્ટ તરફથી રામચોક તરફ આવતા વાહનો વિલ્સન ટાવરથી હાઉસફુલ શોપીંગ થઈ આદર્શ ભવન થઈ ઘોડદોડ રોડ તેમજ રામચોક થી પાર્લે પોઈન્ટ તરફ આવતા વાહનો સરેલા શોપીંગથી નંદનવન સોસાયટી રોડ થઈ કૃષિ ફાર્મ રોડ થઈ ઘોડદોડ રોડ નો ઉપયોગ કરી શકશે. તેમજ ઘોડદોડ રોડને કૃષિફાર્મ રોડ તથા ઘોડદોડ રોડને અઠવા ઝોન ઓફિસ રોડ સાથે જોડતા આડા રસ્તાઓનું પણ ઉપયોગ કરી શકશે. સદર ભાગે કામ પૂર્ણ થયેથી વાહનોની અવર જવર માટે ખુલ્લો મુકવામાં આવશે. જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

TOP